મહેન્દ્રસિંહ વાઘેલાએ આજે દુકાનદારોનો રૂબરૂ જનસંપર્ક કર્યો

બાયડ, તા. ૧૦

બાયડ વિધાનસભા માં આ વખતે ત્રીપાંખીયો જંગ યોજાનારો છે અને તેમાંયે આ વખતે ઉર બાયડ વિધાનસભા માં ભાજપા ના ચાલુ ધારાસભ્ય અને તેમના મળતીયાઓ દ્વાર બાયડ તાલુકા માં આચરેલ ભ્રષ્ટ્રાચાર ને લઈ ને લોકમુખે એવી ચર્ચા થઈ રહી છે કે બાયડ તાલુકા ના મતદારો આ વખતે બાયડ માં થી ભાજપા ને ઘરભેગી કરશે તો બીજી બાજુ આ વખતે ભાજપા ના તાલુકા પંચાયત ના પુર્વ પ્રમુખ ચુનીભાઈએ અપક્ષ ઉમેદવારી નોધાવતા સમગ્ર કડવા પાટીદાર સમાજ ચુનીભાઈ પટેલ ની પડખે થઈ જવાના કારણે આ વખતે બાયડ વિધાન સભા માં ભાજપ અને કોગ્રેસ વચ્ચે સીધો જંગ થવાને બદલે કોગ્રેસ અને અપક્ષ ઉમેદવાર વચચે સીધો જંગ જામવાનુ દેખાઈ રહયુ છે ત્યારે બીજા તબબકાની મતદાની તારીખ ને ગણતરી ના દીવસો બાકી છે ત્યારે બાયડ અને માલપુર તાલુકા માં થી કોગ્રેસ ના ઉમેદવાર ને ભરપુર સર્મથન મળી રહયુ છે ત્યારે આજે કોગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસીંહ વાઘેલા એ આજે બાયડ બજાર માં આવેલ દરેક દુકાન માં જઈ ને દુકાનદારો નો રુબરૂ સંપર્ક કરી ને કોગ્રેસ ને વોટ આપવાની અપીલ કરી હતી જયારે બાયડ તાલુકા ના દુકાનદારો કોગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલા ને આવકારી ઠેર ટેર તેમનુ ફુલહાર થી સ્વાગત કરવામાં આવ્યુ હતુ જયારે બાયડ શહેર ના બજાર માં આવેલી દુકાનદારો તરફથી મહેન્દ્રસિંહ વાઘેલા ને ભરપુર સર્મથન મળ્યુ હતુ જયારે લોકો એ કોગ્રેસ ને મત આપી ભાજપા ની હીટલર શાહી નો અંત લાવવા ની માંગણી કરી હતી ત્યારે અત્યારે તો કોગ્રેસ ના ઉમેદવાર ને તાલુકા ના ગામડાઓ માં થી અને શહેર માં થી મળતા ભરપુર સર્મથન ને જોઈ ભાજપા ની છાવણી માં સોપો પડી ગયો છે અને ઉપરા ચાપરી સ્ટરા પ્રચારકો ની સભાઓ યોજવા માંડી છે ત્યારે

ગઈકાલે બાયડ માર્કેટ યાર્ડ માં યોજાએલી સભા માં મુખ્યમંતરી દ્વારા કોગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલા અને તેમના પિતા કપડવંઝા વિધાનસભા ના ઉમેદવાર શંકરસિંહ વાઘેલા વિશે મુખ્યપ્રધાને કરેલા નિવેદન અંગે નો જવાબ પુછતા તેમણે સહજતાથી જવાબ આપ્યો હતો કે જો હુ તેમની વાતનો જવાબ આપી તેમને ભાંડુ તો પછી તેમના માં અને મારા કોઈ ફર્ક રહેશે નહી.

મહેસાણાની પાંચ બેઠકો પર ત્રિપાંખિયો જંગ ખેલાશે

બે બેઠકો પર કોંગ્રેસ ભાજપ વચ્ચે સીધો જંગ

મહેસાણા, તા. ૧૧

મહેસાણા જિલ્લામાં વિધાનસભાની સાત બેઠકો મહેસાણા, કડી (અ.જા.) વિસનગર, ઊંઝા, ખેરાલુ, બેચરાજી અને વિજાપુરમાં ભાજપ, કોંગ્રેસ, ગુજરાત પરિવર્તન પાર્ટી તેમજ અન્ય રાજકીય પક્ષો અને અપક્ષો મળી કુલ ૬૨ ઉમેદવારો ચૂંટણી જંગ લડી રહ્યા છે. જિલ્લાની મહેસાણા અને ઊંઝા બેઠકો પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધો મુકાબલો છે. તો બાકીની પાંચ સીટો પર ભાજપ, કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારો વચ્ચે ત્રિપાંખિયો જંગ જામ્યો છે. ગત ૨૦૦૭ની સાલમાં યોજાયેલ વિધાનસભાની ચૂંટણીમાં જિલ્લાની તમામ સાતેય બેઠકો પર ભાજપના ઉમેદવારો વિજયી થયા હતા. કોંગ્રેસનો એક પણ બેઠક પર વિજય ન થતાં કારમી હાર થઈ હતી. દરમિયાન હવે પાંચ વર્ષ બાદ જિલ્લામાં નવા સિમાંકનને લીધે તમામ વિધાનસભા મતક્ષેત્રોમાં ગામડાઓનો ફેરફાર થયો છે. જેથી રાજકીય સમીકરણો પરંપરાગત મતદારો પર અસર પડી છે. આ જોતાં બંને રાજકીય પક્ષોના ઉમેદવારો માટે થોડા કપરાં ચઢાણ બને તેવી સ્થિતિ પેદા થઈ છે. બીજી જિલ્લામાં હજી કેટલીક સમસ્યાઓથી લોકો પીડાય છે. ભાજપના ગઢ મનાતા મહેસાણા જિલ્લામાં જુદા જુદા વિસ્તારોમાં ભાજપ દ્વારા વિકાસને લગતા કામો કર્યા હોવાનો દાવો કરાય છે. પરંતુ જે કોઈ કામો થયા છે તેમાં મોટાભાગે ભ્રષ્ટાચાર થયો હોવાના પણ આક્ષેપો થઈ રહ્યા છે. સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારનું દૂષણ ખૂબ વધી ગયું હોવાનું કહેવાય છે ત્યારે આ વખતની ચૂંટણીમાં ભ્રષ્ટાચાર, કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતિ ભાજપ માટે થોડા ઘણાં અંશે નડતરરૂપ બની શકે તેમ છે. જિલ્લ્માં પટેલો અને ઠાકોરોનું પલ્લુ ભારે છે. બંનેના મતો વહેંચાય તેમ છે. એટલે કેટલીક બેઠકો પર ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારને ચૂંટણી જીતવા માટે ખાસ્સી મહેનત કરવી પડશે.

દરમિયાન ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે એટલે ચૂંટણીમાં ઉભેલા ઉમેદવારોએ જંજાવાતી પ્રચાર આરંભ્યો છે. જિલ્લાની મોટાભાગની બેઠકો પર ભાજપ, કોંગ્રેસ વચ્ચે ભારે રસાકસીભર્યો જંગ ખેલાય છે. બેચરાજી બેઠક પર જી.પી.પી.ના ઉમેદવાર પણ ભાજપ કોંગ્રેસના મતોમાં ગાબડું પાડી શકે તેમ જણાય છે. જિલ્લામાં દિનપ્રતિદિન ચૂંટણી પ્રચાર વેગીલો બની રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ સહિતના ઉમેદવારો વધુમાં વધુ મતો મેળવવા શહેરી અને ગ્રામ્યવિસ્તારો ખુંદી રહ્યા છે. મતદારોને વચનો, લોભ, લાલચ આપીને પોતાની તરફ આકર્ષવાતા પ્રયાસો થઈ રહ્યાનું ચર્ચાય છે. વિધાનસભાની ચૂંટણીનો માહોલ જામતો જાય છે પરંતુ મતદારોમાં ચૂંટણીનો હજી કોઈ ઉત્સાહ કે ઉમંગ જણાતો નથી. હાલ મતદારો જાણે નિરસ હોય તેમ જણાય છે. ઉમેદવારોના ચૂંટણી કાર્યાલયોમાં કાર્યકરોની મોટી ફોજ જોવા મળતી નથી. રાજકીય પક્ષોના નેતાઓની જાહેર સભાઓમાં પણ એકંદરે ઓછી હાજરી રહી છે. મતદારોનું મત હજી કળી શકાતું નથી.

સમાચાર ઝલક

- શતાબ્દી ટ્રેનમાં શોપિંગની વ્યવસ્થા થશે.
- નવી ટેકનોલોજી દ્વારા ટૂંક સમયમાં તમારી આંખોનાં કોન્ટેક્ટ લેન્સમાં મોબાઇલનો એસ.એમ.એસ. આવશે.
- ટુ-વ્હીલર્સના વેચાણકર્તાઓને વાહન ખરીદનારની માહિતી રાખવી પડશે.
- સામાન્ય લોકો હવે રાષ્ટ્રપતિ ભવનનાં સંકુલમાં જઇ શકશે.
- ચૂંટણી ટાણે પોસ્ટ કર્મીઓ હડતાળ પાડશે.
- એક વર્ષમાં મેસીએ ૮૬ ગોલ ફટકારી મુલરનો વિક્રમ તોડ્યો.
- બોલીવુડમાં અભિનેત્રી કેટરિના કેફ અને કરિના કપૂર સૌથી વધારે ચાર્જ લે છે.
- સૌરાષ્ટ્રમાં નેતાઓ, અભિનેતાઓ અને અભિનેત્રીઓ દ્વારા છેલ્લા દિવસે ચૂંટણીનો ધમધમાટ.
- ચૂંટણીનું બહાનું કાઢીને કેટલીક બેંકમાં કામગીરીમાં વિલંબ.
- સુપ્રસિધ્ધ નવલકથાકાર શ્રી અશ્વિની ભટ્ટનું અમેરિકામાં નિધન.
- સુપ્રીમ કોર્ટનાં જજ પણ માને છે કે પચાસ ટકા લોકોએ પૈસા આપીને જ કામ કરાવવું પડે છે.
- સૌરાષ્ટ્ર કચ્છમાં જોરદાર ઝાકળ વર્ષા.
- બી.એસ.એન.એલ. ખોટના ખાડામાં બહાર નીકળવાના પ્રયાસો કરે છે.
- વારસાઇ માટે અમીષા પટેલ કાકાને અદાલતમાં ખેંચી ગઇ.
- કર્ણાટકમાં રાજકીય દાવપેંચમાં ભાજપ સરકાર ઉપર સંકટ.
- મતદાનમાં પણ સ્ત્રીઓને અગ્રતા અપાશે.
- જૂનાગઢમાં પાણીનાં ધાંધિયા, લોકોએ રાજકીય પક્ષોનાં કાર્યાલયને બાનમાં લીધાં.

માથાસુલીયા ગામની પરણિતાને ભગાડી જનાર ઈસમ સામે ફરિયાદ

હિંમતનગર, તા.૧૧

હિંમતનગર તાલુકાના માથાસુલીયા ગામે એક પરણીતાને લલચાવી ફોસલાવી પત્ની તરીકે રાખવાનું કહી એક ઈસમ ભગાડી ગયેલાની ફરિયાદ ગાંભોઈ પોલીસ મથકે નોંધાઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર એક મહિના અગાઉ માથાસુલીયા ગામે જવાનસિંહ ભેમાભાઈ પગી (રહે પંચમહાલ) એ માથાસુલીયા ગામના જ પૂંજેસિંહ ભતસિંહ પરમારની પત્નીના મોબાઈલ પર કમને સંપર્ક કરી પત્ની તરીકે રાખવાની લાલચ આપી ફોસલાવી ભગાડી લઈ જવામાં હીરાભાઈ ભેમાભાઈ પગીએ મદદગારી કરી છે તે અંગે ગાંભોઈ પોલીસ મથકે પૂજેસિંહ ભતસિંહ પરમારે ફરિયાદ નોંધાવતા પોલીસે હાલ વધુ તપાસ હાથ ધરી છે.



(તસવીર : રમેશ વૈષ્ણવ)

ગુજરાત વિધાનસભા ચૂંટણીને લઈ ચૂંટણી પંચના આદેશ મુજબ ખેડબ્રહ્મા-વડાલી હાઈ-વે પર હાલ પોલીસ અને એસ.એસ. ટીમના સભ્યો દ્વારા સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું છે.

હિંમતનગરના વડાલી અને ગાંધીપુરા કંપા ગામેથી બે મૃતદેહ મળી આવતા ચકચાર

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના વડાલી રેલવે ફાટક પાસે તથા ગાંધીપુરા કંપા ગામની સીમમાં એમ બે અલગ-અલગ સ્થળોથી બે વ્યક્તિની મોત અંગેની ફરીયાદ વડાલી અને ગાંભોઈ પોલીસ મથકમાં નોંધાઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના વડાલી રેલવે ફાટક પાસેથી ગત રોજ બપોરના ત્રણ વાગ્યાના સુમારે કોઈ અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. આ બનાવ અંગે પોલીસ મૃતદેહની પ્રાથમિક તપાસમાં મૃતકનું નામ મહંમદભાઈ અબ્દુલભાઈ શેખ (રહે. વડાલી) જાણવા મળ્યું હતું. આથી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જ્યારે અન્ય એક કિસ્સામાં ગાંધીપુરા કંપા ગામની સીમમાં પણ કોઈ એક અસ્થીર મગજના પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. જે અંગે પોલીસે ઘટનાસ્થળે આવી તપાસ કરતા કમલેશભાઈ પટેલનો મૃતદેહ હોવાનું માલુમ પડ્યુ હતું. આ અંગે ગાંભોઈ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હિંમતનગરની મદ્રેસા મોઈનુલ ઈસ્લામ શાળાની શિક્ષિકાઓનો સન્માન સમારંભ યોજાયો

હિંમતનગર, તા.૧૧

હિંમતનગરમાં આવેલ મદ્રેસા મોઈનુલ ઈસ્લામ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં વર્ષો સુધી શિક્ષિકા તરીકે પોતાની સેવા આપી વયમર્યાદાને લીધે નિવૃત્ત થતા દેવિન્દ્રાબેન ઠાકર અને ઈન્દુબેન વ્યાસનો સન્માન અને વિદાય કાર્યક્રમ તાજેતરમાં યોજાયો હતો.

આ સન્માન અને વિદાય સમારંભમાં સંસ્થાના ઉપપ્રમુખ યુસુફભાઈ વકતા પુરીયાએ વિદાય લઈ રહેલી બહેનોની સેવાને બિરદાવી તેમને મોમેન્ટો અને શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. આ કાર્યક્રમમાં મંત્રી અલ્તાફભાઈ સાબુગર, ડૉ. ઝાકીરભાઈ ગઢાવાલા, સલીમ વકતાપુરીયા સહિતના શાળા પરિવારના સભ્યો મોટી સંખ્યામાં

ખેડબ્રહ્માના સરદાર ચોકના શૌચાલયને તાળાં મારતા લોકોને હાલાકી

ખેડબ્રહ્માના હાર્ટ સમા સરદાર ચોકમાં પાલિકાના શોપીંગ સેન્ટરમાં આવેલા જાહેર શૌચાલયને છેલ્લા પાંચ મહિનાથી બંધ કરી દેવાતા સરદાર ચોકના વેપારીઓ તથા ખરીદી માટે આવતા ગ્રાહકોને હાલાકીનો સામનો કરવો પડેછે. સરદાર ચોકના ૬૦ કરતાં વધુ વેપારીઓએ આ શૌચાલય ચાલુ કરવા પાલિકામાં લેખિત રજુઆત કરી છે અને વિધાનસભાની ચુંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ખેડબ્રહ્માના સરદાર ચોકના શોપીંગ સેન્ટરમાં પાલિકા દ્વારા લોકોના ઉપયોગ માટે શૌચાલય બનાવવામાં આવ્યું છે આ શૌચાલયનો સરદાર ચોકના વેપારીઓ તથા ખરીદી માટે આવતા હજારોની સંખ્યામાં ગ્રાહકો ઉપયોગ કરતા હોય છે. શૌચાલયને છેલ્લા પાંચ માસથી તાળુ લગાવી બંધ કરી દેવામાં આવ્યું છે જેથી લોકોને લઘુ શંકા માટે હાલાકી વેઠવી પડે છે. સરદાર ચોકના વેપારીઓ શૈલેશકુમાર સી. ભાવસાર, ભોગીલાલ આર. ચૌહાણ-દિગ્વિજયસિંહ રાઠોડ તથા સુરેશભાઈ પટેલ સહિતના ૬૦ કરતાં વધુ વેપારીઓએ આ શૌચાલય પુનઃ ચાલુ કરવા મૌખિક તથા લેખિત રજુઆતો કરી છે છતાં પાલિકા દ્વારા શૌચાલય ચાલુ કરવામાં આવ્યું નથી. જેથી વેપારીઓ તથા ગામડામાંથી ખરીદી માટે આવતા ગ્રાહકોને હાલાકીનો સામનો કરવો પડે છે. શૌચાલય ચાલુ ન કરાતાં ના છુટકે સત્યાગ્રહનો આશરો લઈ ત્રણ દિવસમાં આ શૌચાલય ચાલુ કરવામાં નહીં આવે તો આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે તો તે અંગેની કલેકટર પ્રાંત અધિકારી અને શહેરી વિકાસ મંત્રી ગાંધીનગરને લેખિતમાં જાણ કરી છે.

વડાલીમાં ઘર આંગણે પાર્ક કરેલ ટ્રેકટરની કલ્ટીવેટર ચોરાઈ

હિંમતનગર, તા.૧૧

હિંમતનગરના વડાલી પાસે આવેલ ધર્મ સાગર બિલ્ડીંગ ની ખુલ્લી જગ્યામાં પડેલ એક ટ્રેકટરની કલ્ટીવેટર કેટલાક ચોર ઈસમો લઈ રફુચક્કર થઈ ગયા હોવાની ફરિયાદે ટ્રેકટર માલિકે વડાલી પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ વડાલી ખાતે આવેલ ધર્મસાગર બિલ્ડીંગ પાસે રહેતા મનીષભાઈ લક્ષ્મીકાન્તભાઈ પ્રજાપતિએ પોતાના મકાન પાસેની જગ્યામાં પોતાના ટ્રેકટરની કલ્ટીવેટર મુકી હતી જેની કિંમત રૂ. ૭૦૦૦ હતી તેને કોઈ ચોર ઈસમો ઉઠાંતરી કરી લઈ ગયા હતા જે અંગે મનીષભાઈ પ્રજાપતિએ ફરિયાદ નોંધાવતા પોલીસે ચોરી અંગેની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૨ નું ચાલુ)

મતદાન પછીનાં બીજા દિવસે ચૂંટણીની ચર્ચા અને ઠંફાસો હાંકતાં વિકૃત મનોવૃત્તિ ધરાવતાં ચોખલીયાઓની આંગળી, જરાં ચેક કરજો, મતદાન કરેલુંજ નહીં હોય, પેલું કહેવાય છે ને કે ''ડાહી સાસરે ના જાય અને ગાંડીને શીખામણ આપે...'' જે લોકોએ મતદાન કર્યુંજ ના હોય, મતદાનને દિવસે ઘરની બહાર જ ના નીકળ્યાં હોય એવાં કાંઇ કેટલાંય નિર્લજ્જ ફેંકુઓ વળી પાછા ચૂંટણીનાં પરિણમોની ચર્ચામાં ઝંપલાવશે. ઑપિનિયન પોલમાં મત આપનારાં જ મત આપવાનું ચુકી જાય પછી પરિણામ તો અણધાર્યા જ આવે ને??

રાજકારણીઓ પાસે ફરજિયાત મતદાન કરાવવાનાં વિકલ્પો છે અને એવાં નિયમો પણ ઘડી શકાય કે જેમાં નાગરિકે મતદાન કરવું પડે, પરંતુ એમાં વળી પાછું એ જોખમ રહેલું છે કે ૭૦ ટકાથી વધુ મતદાન થાય તો જીતવાવાળા હારી જાય અને હારવાવાળા જતી જાય એટલે ખંધા અને લુચ્ચા રાજકારણીઓ એમ માને છે કે, જે ચાલે છે તે બરાબર છે. દરેક ચૂંટણીમાં કંઇ પરિણામોની રાહ જોવાતી નથી, મોટાં ભાગનાં મતવિસ્તારોમાં ખબર પડી જ જતી હોય છે કે કોણ જીતશે અને કોણ હારશે...

એક મતથી શું થશેની મેન્ટાલીટી ચેન્જ કરવાં ફરજિયાત કાયદાકીય જોગવાઇ થાય તો ઘણો ફેર પડે... છેલ્લાં પાંચ વર્ષમાં જો લોકસભા કે વિધાનસભામાં મતદાન ના કર્યું હોય તો ભરતી, બઢતી કે અન્ય લાભો અટકાવવામાં આવે તો બધાં વૉટિંગ માટે દોટ કાઢશે. જાહેર એન્ટ્રન્સ એકઝામમાં ટકાવારીની સાથે મતદાનની એન્ટ્રી પણ ધ્યાને લેવાય તો યુવાવર્ગ આપોઆપ મતદાન બુથ સુધી પહોંચી જશે. જન્મ-મરણનાં દાખલાની જેમ મતદાનની એન્ટ્રી ફરજિયાત થાય તો મતદારને પગે લાગવા નેતાઓને એમનાં બારણે નહીં જવું પડે એ વાત નક્કી છે!!

આજે તો જયાં ને ત્યાં લોકપરિષદમાં ચૂંટણીની ચર્ચા જોરમાં છે. કહેતો'તો, ને કેતી'તી વાળી પબ્લિક ફોર્મમાં છે. પાનનાં ગલ્લો, પાદરે, ચોરે, ચૌટે, ઑફિસે, કેન્ટીને, લગ્નમાં ને બેસણામાં બસ ચૂંટણીનો ગરમાવો છે. સૌને એક જ વિનંતી જયાં પણ આવી ચર્ચામાં ભાગ બનો ત્યાં સૌને સોગંદ લેવડાવો કે તેઓ મતદાન કરશે માત્ર ચર્ચાઓ નહીં. હું તો મારા પરિવાર સાથે મતદાન કરીશ અને તમે?? જો જો એક મતથી તમારી મનગમતી સરકાર રખડીનાં જાય.

ચૂંટલો :

ચૂંટણીના પરિણામોની ચર્ચામાં ઉતરી પડતાં વિદ્વાનોની આંગળી ચેક કરી લેજો, જો એણે મતદાન ના કર્યું હોય તો એને ચર્ચા કરવાનો અધિકાર નથી કહી ઉતારી પાડો એજ એની સજા છે, બીજી વાર આવા બાપૂઓ ફરી ભૂલ નહી કરે.

પ્રસંગસર (પાના નં. ૨ નું ચાલુ)

ગાંધીનગર કરતાં જે ફાયરિંગ થાય છે તેને પર ''બાર'' કહે છે. સોગઠાંબાજીમાં પણ સૌથી વધુ દાણાની સંખ્યા બાર હોય છે. પડ પાસા પોબાર-માંય પાછા બાર તો આવે જ. જુગાર તો રમતા જ નહિ, ખુવાર થઇ જશો.

આપણી રોજબરોજની વાતચીતમાં પણ આપણે બારના અનેક મુહાવરાનો પ્રયોગ બહુ છૂટથી કરીએ છીએ. દા.ત. બાર મલકનું જોર, બારમણની સંભળાવવી, બાર વરસનો બેઠો છું ને!, બાર વાગી જવા, બારનું ચોથ, બારમો ચંદ્રમા, બારે દરવાજા ખુલા, બારે મેઘ ખાંગા, બારણે હાથી ઝૂલવા, બાર બાપની વેજા, બાર ભાયાનો કારભાર, અને બારમો મુહાવરો છે બાર દહાડા અને બત્રીજો ઘડી. મુહાવરા ઉપર પણ આ બાર પોતાની મહોર મારી દે છે. કયા બાત હૈ!! બધે બારની બોલબાલા.

કહેવતો એ તો આપણા વડીલોનો અનુભવનો પ્રજાનો છે. કહેવતો કહેવામાં પણ બાર બાકાત નથી. એક નજર ઉધર ભી થઇ જાય. બાર કોળાંને તાર લાગા, બાર ગાઉએ બોલી બદલાય, બાર વરસે બાવો બોલ્યા; બેટા નખ્ખોદ જજો; બારેય બંદરનાં પાણી પીધેલાં છે, બાર બાંધીને તે ને તેર તૂટે, બાર મણની બાજરી, બાર મણનું કોળું ને તેર મણનું બી, બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી, બારે બુધ્ધિ ને સોળે ભાન, બારેય વહાણ ડૂબી ગયાં, બારનું બારમું કરી નાખ્યું અને બારમી કહેવતો છે : એને તો બારેય ભાગોળો મોકળી છે - બાર વિશે ઘણી કહેવતો છે પણ જનજીવનમાં છાશવારે આ બાર કહેવતો સૌથી વધુ પ્રચલિત છે. બાર તો બધે ય બાર વગાડી દે છે!!

બાર-નો ધમાકેદાર પ્રવેશ તો છેક લગ્નમંડપ સુધી છે. હા... પરણતી વખતે ચોરીમાં ચાર ખૂણે બેડાં (માટલાં) ગોઠવવામાં આવે છે તે બેડાંની સંખ્યા પણ બાર હોય છે. ફિલ્મી દુનિયામાં પણ બારનો જાદુ તો જુઓ : દો આંખે બારહ હાથ.

એક જ ફિલ્મમાં એક જ હીરોઇને બાર રોલ કર્યા છે એ તો વળી ફિલ્મી જગતનો એક વિશ્વવિક્રમ છે. ચાલો ફિલ્મનું અને હીરોઇનનું નામ બોલો - યસ... તમે સાચા છો : વૉટ્સ યૉર રાશિ? પ્રિયંકા ચોપરા.

રમત-જગતની દુનિયામાં જરી ડોકિયું કરી દઇએ. ક્રિકેટમાં નિયત અગિયાર ખેલાડીઓ હોય છે પણ 'બારમો ખેલાડી' - અણીના સમયમાં અને આખી રમત દરમિયાન પોતાની અલગ અલગ સેવાઓ પુરી પાડે છે. તમને કદાચ ખબર નહીં હોય કે ક્રિકેટમાં બેટિંગ કરનાર ખેલાડી કુલ બાર રીતે આઉટ થાય છે. શોધી કાઢો તો તમે ખરા!! તમે જે લંબાઇ-પહોળાઇનું માપ કાઢો છો તેમાં જે ફૂટ - નું એકમ છે જેની લંબાઇ બાર ઇંચ હોય છે. આ બાર તો ભઈ ભલભલાના મીડલ સ્ટંપ ઉખાડી નાખી ક્લિન બૉલ્ડ કરવામાં માહેર છે. આંગળી ઊંચી કર્યા વગર છૂટકો જ નથી.

તમે જાણશો તો તમારી આંખો પહોળી થઇ જશે! જી હાં, આપણી આ આંખો છે તે એક મિનિટમાં કુલ બાર વખત ઉઘાડ-બંધ થાય છે. ખાસ ખાસ દિવસોની વાત કરવા બેસીએ તો ૧૨ - જાન્યુઆરી રાષ્ટ્રીય યુવા (સ્વામી વિવેકાનંદ જયંતિ) દિવસ, ૧૨ - ફેબ્રુઆરી ઉત્પાદકતા દિવસ, ૧૨ - માર્ચ મૉરિશસ દિવસ, ૧૨ - નવેમ્બર રાષ્ટ્રીય પક્ષી દિવસ તરીકે ઉજવાય છે. ઉજવણીમાં ય આ બાર નંબર વન લઇ જાય છે. ગમતાનો કરીને ગુલાલ... આ બારને તો ભઈ સલામ!!

''બાર'' બોલાવણ બેસણું, બીડું ને બહું માન; જે ઘેર પાંચ બબ્બા નહીં, તે જાણ મસાણ.

દોહામાં પર બાર-ની કમાલ છે ને! બાર મહિનાની બાર બીજ રામદેવ પીરના પાટોત્સવ માટે કહેવાય છે કે : બાર બીજનો ઘણી બેઠો છે ને! અહીં બાર જગતનિયંતા જગનન્નાથનો સીધો પર્યાયવાચી શબ્દ બની જાય છે. એ બાર બીજના ધણીને પ્રણામ. ટૅકનોલોજીના આ યુગમાં મોબાઇલ અનિવાર્ય છે - એનું નિરીક્ષણ કરતાં બધા સામાન્ય મોબાઇલમાં ઑપરેટ કરવા માટેની સ્વિચો કેટલી છે ખબર છે? ના, તો અત્યારે જ ગણો... ઓત્તારીની... એ સ્વિચો પણ બાર!! ગુજરાતી ભાષાનો સૌથી લાંબો શબ્દ 'નિયતિકૃતનિયમરહિતતા' - પણ ૧૨ અક્ષરનો છે. સ્વર્ગની કુલ અપ્સરાઓ બાર છે; જૈન ધર્મમાં તપના બાર પ્રકાર છે; ધૂપ કરીએ છીએ તેમાં બાર જડીબુટ્ટીઓ વપરાય છે; યજ્ઞમાં હોમ માટે જે સમિધ વપરાય છે તેમાં બાર પ્રકારની જડીબુટ્ટીઓ વપરાય છે આ ''બાર'' શબ્દ પણ (૧) અવાજ (૨) ભડાકો (૩) વજનદાર (૪) દાખલ થવું (૫) માર્ગ (૬) રજા (૭) આનંદ (૮) ઉપજ (૯) ધાર્યું થવું (૧૦) સોગઠાબાજીના દાણા અને (૧૧) કાયદાની પદવી તથા (૧૨) ૧૦+૨ = ૧૨ સંખ્યા અર્થ થાય છે અંતે શ્રી ગણેશજીનાં ૧૨ નામનું સ્મરણ કરી ૧૨ ની ૧૧૨ બાબતોનો આ લેખનું સમાપન કરીએ ; એકદંત, કૃષ્ણપિગાંક્ષ, ગણપતિ, ગજાનન, ગજવકત્રં, ધૂમ્રવર્ણ, ભાલચંદ્ર, વિનાયક, વક્રતુંડ, વિકરમેવ, વિઘ્નરાજ, લંબોદર, ગણપતિ બાપા...

નવાં ક્લેવર (પાના નં. ૨નું ચાલુ)

ઉમિયાશંકરે તો તેમને ચોખ્ખા શબ્દોમાં કહી દીધું. 'ડેડી મને તમારા આ માગીને ખાવાના ધંધાથી ઘૃણા છે. અભણ લોકો તમને મહારાજ કહીને માન-સન્માન આપે છે. પરંતુ ભણેલ ગણેલ લોકો તો માંગી ખાનાર જ કહે છે. હું એવું કામ નહીં કરૂં.' યુવાન દીકરાના મોઢે પોતાની બાબતમાં આવા વિચારો જાણીને મહારાજ તો સડક થઇ ગયા. તેમણે પહેલાં તો જરા સંકોચ અનુભવ્યો પણ પછી બોલ્યા. 'જો બેટા તારે આ કામ ન કરવું હોય તો ન કરતો. તને કોણ કહે છે? પણ હું કોઈની પાસે માગીને ખાતો નથી. ભિક્ષા તો માંગતો નથી. ચોરી કે છેતરપીંડી કરતો નથી. મારી રીતે મહેનત કરૂં છું. મારી કથા સાંભળીને લોકોને શાંતિ મળે છે. શાતા પામે છે. ત્યારે તેઓ પૈસા કાઢીને આપે છે. જે શાસ્ત્રોને ખોટાં છે એમ તું કહે છે તેનો તારી પાસે આધાર શું છે. જે ભગવાનનું નામ સ્મરણ કરવાથી મનશાંત થઇ જાય છે તેને ખોટું તું કંઇ રીતે કહી શકે?'' તારે મન આટલી મોટી આ સત્તાનો કોઇ સ્વામી નથી. શું તે પોતાની મેળે જ ચાલે છે. તમે કહો છો કે પ્રવૃત્તિ તો તેની પાછળ કોણ છે? તમે કયારેય તમારા પૂર્વજોને જોયા નથી. તેથી શું તમે એમ કહી શકો કે એ હતા જ નહીં? એટલું તે જરા અટકયા અને દીકરાની આંખ સામે આંખ મિલાવી બોલ્યા. 'બેટા જયારે તારૂં એમ.બી.એ. થઇ જશે ત્યારે તું કોઇ કંપનીમાં કામ કરવાનો ખરૂં ને? એ પણ વાતોનો વેપાર છે. તું દુનિયાદારી - લાભ-હાનિની વાતો વેચીને કમાઇશ. હું ભગવાનની, આગામી જન્મની, પાપપુણ્યની વાતો વેચીને મારા કુટુંબનું ભરણપોષણ કરૂં છું. આ સામયિકો, દૈનિકો, રેડિયો કે ટેલિવિઝનની સિરિયલો, જાહેરાતોના માધ્યમથી આપણને શું આપે છે. તેઓ પણ વાતો જ વેચે છે, માહિતી આપે છે. જે વધુમાં વધુ સારા સપનાં અથવા સુખની કલ્પનાઓ બતાવી આપે છે. તે મોટો વેપારી છે. મારી વાત છોડ, આ ટી.વી. ચેનલ કોઇ જંગલની પ્રાચીન સભ્યતાની ડૉક્યુમેન્ટરી બતાવે છે. કોઇ ફિલ્મ બનાવે છે તો કોઇ ધાર્મિકતાના પાઠ ભણાવે છે. મારે કહેવાનો મતલબ એ છે કે જેની પાસે જે છે તેને એ પોતાની રીતે વેંચી રહ્યા છે. તો પછી હું કેમ ન વેચું. તેઓ પાસે સંપત્તિ અને સાધનો છે, તેથી એ લોકો જાહેરાતના માધ્યમ દ્વારા પોતાનો માલ વેચે છે. મારી પાસે એવા કોઇ સાધન નથી તેથી આ ભીડ ભેગી કરવી પડે છે. મને પણ લોકો પૈસા ત્યારે જ આપે છે. જયારે તેમને વાત મારી વાતમાં વિશ્વાસ પડે છે. બાકી કોઇ માણસ એમ ને એમ ગાંઠમાંથી પૈસા આપી દેતા નથી. નવરા બેસી રહેવા માટે કોઇની પાસે સમય નથી. તું કોઇને બેસાડીનો જો, મારી કથા સાંભળવા લોકો કંઇક વિચારીને આવતાં હશે ને?'

તે દિવસથી મહારાજ પોતાના મોટા દીકરા બાબતે નિરાશ થઇ ગયા. તેમનો નાનો દીકરો રામનારાયણ ભણવામાં નબળો હતો. તેનું મન એમાં લાગતું પણ નહોતું. તેને જયારે મોકો મળે ત્યારે તેનાં પિતાની સાથે ચાલી નીકળતો અને હાર્મોનિયમની સાથે ઢોલકની સંગત કરવા લાગી જતો, તેણે આ ઢોલક વગાડવાનું પોતાની જાતે શીખી લીધું હતું. મહારાજ સમજી ગયેલા કે આ રામનારાયણ જ તેનો ઉત્તરાધિકારી બનશે. તે ફૂરસતના સમયે રામનારાયણને જ્યોતિષની યુક્તિઓ શિખવતા તથા ધાર્મિક ગ્રંથો અને પુસ્તકો વાંચવાની સલાહ દેતા. જેથી રામનારાયણ ભવિષ્યમાં એક સારો કથાકાર થઈ શકે.

(ક્રમશઃ)

- vanvihari@gmail.com